ગુજરાતના ગામેગામ, ગલીઓમાં ને શહેરોની સડકો પર ચર્ચાતો સવાલ

ગુજરાત વિધાનસભા જંગ : પુનરાવર્તન કે પરિવર્તન ?

કોંગ્રેસ માટે અસ્તિત્વ અને ભાજપ માટે સ્વીકૃતિની લડાઈ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક છે. જેના પગલે કોંગ્રેસે રાહુલ ગાંધી સાથે કાર્યકરોનો સંવાદ કરીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરી દીધી છે. જેમાં છેલ્લા બે દશકમાં પહેલીવાર એવા હાલત બન્યા છે કે જેનો લાભ ઉઠાવીને કોંગ્રેસ પુનઃ સત્તા મેળવી શકે તેમ છે. તેવા સમયે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પોતાની જાતને સાબિત કરવાનો રાહુલ ગાંધી માટે શ્રેષ્ઠ અવસર છે.

વાસ્તવમાં, ગુજરાતમાં છેલ્લી ત્રણ વિધાનસભાની વાત કરીએ તો તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપને એકતરફી જીત મળતી આવી છે. જયારે વિપક્ષ કોંગ્રેસને માત્ર અડધી બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો છે. પરંતુ આ વખતે સત્તાધારી ભાજપ માટે ચૂંટણી જીતવી દરવખતની જેમ આ વખતે આસાન નથી કારણ કે કોંગ્રેસ આ વખતે ચૂંટણી જીતવામાં આકમક મૂડમાં છે.

મોદી મુખ્યમંત્રીપદનો ચહેરો નહીં

ગુજરાતમાં છેલ્લા પંદર વર્ષથી તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપનો સીએમ પદનો ચહેરો રહ્યો છે. તેથી મોદી અને અમિત શાહના દિલ્હી ગમન બાદ રાજ્યમાં ભાજપ પાસે હવે કોઈ મોભાદાર ચહેરો નથી. જે પક્ષ અને સરકારના કામોને આગળ વધારી શકે. હાલમાં ભાજપે સ્પષ્ટ કર્યું છે કે તે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતુત્વમાં જ ચૂંટણી લડશે.નેથી આ વખતે કોંગ્રેસ પાસે મોકો છે તે આકમકતાથી ચૂંટણી જંગમાં ઝંપલાવે.

એન્ટી ઇન્કમ્બન્સી

ગુજરાતમાં સામાન્ય રીતે ઓકટોબર ૨૦૧૭માં સરકારની ટર્મ પૂરી થાય છે. તેની સાથે જ રાજ્યમાં સતત ૨૦ વર્ષથી ભાજપનું શાસન છે. જે સરકાર પ્રત્યે લોક વિરોધી જુવાળ એટલે કે એન્ટી ઈન્કમન્સી ઉભી કરવા માટે પુરતો સમય છે. જો કે આ વષો દરમ્યાન સીએમ મોદીના કાર્યકાળને બાદ કરીએ તો છેલ્લા ત્રણ વર્ષમાં ભાજપે બીજા મુખ્યમંત્રી મૂકવા પડ્યા છે. પાટીદાર અનામત આંદોલન અને ત્યાર બાદ ઉના દલિત કાંડના પગલે ભાજપે આનંદી બહેન પટેલના સ્થાને તાત્કાલિક વિજય રૂપાણીને મુખ્યમંત્રી અને નીતિન પટેલને ઉપ મુખ્યમંત્રી બનાવીને મુદ્દાઓ શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તેમ છતાં હાલમાં સૌરાષ્ટ્રમાં પીવાના અને સિંચાઈના પાણીના પ્રશ્નો, પાક વીમો, કપાસના નીચા ભાવ, પાટીદારોની ઓબીસીની માંગણી, ગ્રામીણ વિકાસ, ખેડૂતોને વીજ કનેકશન, ડાર્ક ઝોન, વીજળીના વધતા ભાવ, મહિલા સુરક્ષા, ગૌ વંશ રક્ષણ, દારુબંધીનો અમલ સહિત અનેક એવા મુદા છે એન્ટી ઈનકમન્સી માટે પૂરતા છે.આ ઉપરાંત ભાજપ ૧૬ વર્ષ પછી પ્રથમ વાર મોદી અને શાહની ગેરહાજરીમાં ચુંટણી યોજાવાની છે. આ ઉપરાંત હાલ કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે એટલે કે રાજ્ય અને કેન્દ્રની બેવડી એન્ટી ઈન્કમબન્સીની અસર જોવા મળી શકે છે.

ભાજપ વિરોધી પાટીદાર અનામત આંદોલન

ભાજપની કમિટેડ વોટ બેંક ગણાતા પાટીદાર સમાજે રાજ્યમાં ઓબીસી દરજ્જાની હિંસક માંગ દ્વારા પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો. જેના પગલે ભાજપે ગ્રામીણ વિસ્તારમાં મતોના ધોવાણનો સામનો કરવો પડ્યો. હાર્દિક પટેલની નેતાગીરીમાં શરૂ થયેલા આ આંદોલને રાજ્યના ભાજપની ઉંઘ હરામ કરી દીધી હતી. જેના પગલે ભાજપે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને રિપ્લેસ કરીને વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવવાની ફરજ પડી હતી. જો કે ત્યાર બાદ પણ હજુ પણ રાજ્યમાં પાટીદાર અનામત આંદોલન ચાલી રહ્યું છે. જેમાં હાર્દિક પટેલ હજુ પણ ગ્રામીણ વિસ્તારોમાં અનામતની માંગને બુલંદ કરી રહ્યો છે. જો કે ૨૦૧૭ની ચુંટણી પૂવે પાટીદારોના મત કોને મળશે તે કળવું હાલના તબક્કે મુશ્કેલ છે. હાલ તો પાટીદારો કોના તે પ્રશ્ન ઉદભવી રહ્યો છે. પરંતુ ચુંટણી સમયે પાટીદારો જેના પક્ષમાં બેસશેતેનું પલડું ભારે થશે.

ગુજરાતની વસ્તીની વાત કરીએ તો પાટીદારો રાજ્યની કુલ વસ્તીના ૧૬ ટકા હિસ્સો ધરાવે છે. જેમાં પણ વર્ષ ૨૦૧૪ની લોકસભામાં પાટીદારોના ૭૦ ટકા વોટ ભાજપને મળ્યા હતા. તે ભાજપને મળતા મતનો ૧૦ ટકા હિસ્સો છે. પાટીદારો રાજ્યની ૭૩ બેઠકો પર પ્રભાવ પાડી શકે તેમ છે.જેમાં પણ વર્ષ ૨૦૧૨માં કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીએ ૩.૬ ટકા મત મેળવ્યા હતા. જેના લીધે ભાજપને સૌરાષ્ટ્ર અને કચ્છની ૨૩બેઠકોપર હારનો સામનો કરવો પડ્યો હતો.

શહેરી અને ગ્રામીણ મતદાર

ગુજરાતની ૭૦ ટકા વસ્તી આજે પણ ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરે છે. જો કે ભાજપ સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં મજબુત હોલ્ડ ધરાવે છે. જેમાં તેના ૫૪ ટકા ધારાસભ્યો શહેરી વિસ્તારમાંથી આવે છે. જયારે બીજી તરફ કોંગ્રેસ ગ્રામીણ વિસ્તારમાં હોલ્ડ ધરાવે છે. તેના ૭૪ ટકા ધારાસભ્ય ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે. જેમાં પણ ભાજપે જીતેલી ૬ કોર્પોરેશન શહેરી વિસ્તારની જ છે. જયારે ભાજપે ગ્રામીણ વિસ્તારમાં ૭૯ માંથી ૭ બેઠક મેળવી છે. જયારે વિધાનસભામાં ૧૧૧ ગ્રામીણ અને ૭૧ શહેરી બેઠકો સાથે કુલ ૧૮૨ બેઠક છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં કોંગેસ સારો હોલ્ડ ધરાવે છે.

ભાજપની મતદારો પરની નબળી પડતી પકડ

વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાં ભાજપે ગુજરાતમાંથી ૬૦.૧ ટકા મત મેળવીને તમામ ૨૬ બેઠક પર વિજય મેળવ્યો હતો. જો કે લોકસભા બાદ તરત યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચુંટણીમાં ભાજપનું મહારાષ્ટ્ર સિવાય તમામ રાજ્યમાં મતદાનની ટકાવારીના ધોવાણ થયું હતું. તેવી જ રીતે ગુજરાતમાં પણ પાટીદાર અનામત આંદોલન અને નરેન્દ્ર મોદીના ગુજરાત છોડ્યા બાદ ભાજપની મતદારો પર પકડ નબળી બની. જેના પગલે ૨૦૧૫ના અંતમાં ભાજપે ગ્રામીણ વિસ્તારમાં જન આધાર ગુમાવવો પડ્યો હતો. જયારે કોંગેસની બેઠકોમાં વધારો થયો હતો. જો કે હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભાજપે ફરી જનાધાર મજબુત કરી લીધો છે.

દલિત પણ નારાજ

ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં સતત દલિત શોષણના કિસ્સા સામે આવ્યા છે. ઉના કાંડથી નારાજ દલિત સમાજ પણ આકોશ છે. જેના પગલે આંદોલન કરીને દલિત સમાજ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યો છે. ઉનામાં મૃત ગાયના ચામડાને ઉતારવાના મુદે દલિતોને માર મારવામાં આવ્યો હતો. જેના પગલે ઉભા થયેલા આંદોલનથી ભાજપને નુકશાન થઈ શકે તેમ છે.

ગુજરાતમાં ત્રણ વર્ષમાં ત્રણ મુખ્યમંત્રી

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં વિજય રૂપાણી ત્રીજા મુખ્યમંત્રી છે. નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ તેમણે આનંદીબહેન પટેલને ખુરશી સોંપી હતી. જો કે વર્ષ ૨૦૧૫માં શરુ થયેલા પાટીદાર આંદોલનને ડામવામાં નિષ્ફળ અને ઉના દલિત કાંડ બાદ આનંદીબહેન પટેલે ફેસબુક પર રાજીનામું ઝાપી દીધું હતું. જેના પગલે વિજય રૂપાણીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ભાજપનું આ પગલું તેમની હાર માનવામાં આવી રહી છે.

ભાજપમાં પણ મૂંઝવણની સ્થિતિ

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન અને ઉના દલિત કાંડ બાદ ઉભી થયેલી રાજકીય સ્થિતિના પગલે પીએમ મોદી અને અમિત શાહે ગુજરાતની કમાન તેમના હાથમાં લેવી પડી છે. જેમાં વડાપ્રધાન મોદીએ ૧૨ મહિનામાં ૧૨ વખત મુલાકાત લીધી છે. તેમજ અમિત શાહ પણ સતત ગુજરાતના પ્રવાસે આવીને પરિસ્થીતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. તેમજ ભાજપ ૧૦ સપ્ટેબરના રોજથી અમિત શાહની હાજરી ઈવેકશન પ્રચારનો પ્રારંભ કરશે.

પટેલ, દલિત અને અલ્પસંખ્યક એકજૂથ

ગુજરાતમાં હાલ સરકાર વિરુદ્ધ પટેલ, દલિત અને અલ્પસંખ્યક એકજૂથ થઈ શકે તેમ છે. આ ત્રણે એક સાથે આવશે ભાજપ સરકાર ભીંસમાં મુકાઈ શકે તેમ છે. હાલ ત્રણ સમાજ ભાજપથી નારાજ છે. તેવા સમયે પટેલ, દલિત અને અલ્પસંખ્યકો સાથે કોંગ્રેસને મળે તેવી શકયતા છે.

અહમદ પટેલની જીતથી કોંગ્રેસમાં ઉત્સાહ વધ્યો

ગુજરાતમાં રાજયસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને ઉમેદવાર અહમદ પટેલની જીતથી કાર્યકર્તાનો નૈતિક જુસ્સો વધ્યો છે. વાસ્તવમાં કોંગ્રેસને ઘેરવા માટે ભાજપે રાજયસભાની ત્રણ બેઠકો પર ઉમેદવાર ઉભા રાખ્યા હતા. જેમાં કેટલાંક કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાયા હતા તેમજ કેટલાંકે ક્રોસ વોટીંગ પણ કર્યુ હતું. તેમ છતાં અહમદ પટેલ રાજયસભાની ચૂંટણી જીતી ગયા હતા.

પૂર અને સ્વાઈન બની ભાજપ માટે મુસીબત

ગુજરાતમાં છેલ્લા દિવસોમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણમાં આવેલા પૂરમાં જાનમાલનું વ્યાપક નુકશાન થયું છે. જેમાં લોકોનું માનવું છે કે પૂરની કામગીરીમાં સરકાર નીસ્ફલ નીવડી છે. આ ઉપરાંત સ્વાઈન ફ્લુના લીધે પણ ૪૦૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેને રોકવામાં પણ રૂપાણી સરકાર નિષ્ફળ નીવડી હોવાની વાતો પણ લોકમુખે ચર્ચાઈ રહી છે.

ગુજરાતમાં ખેડૂત સમાજ પણ નારાજ

ગુજરાતમાં છેલ્લા દિવસોમાં ખેડૂતની નારાજગી પણ વધી છે. જેમાં ગુજરાતમાં અનેક સ્થળોને ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ નહીં મળતા તેમણે ઉગ્ર વિરોધ કર્યો હતો. તેમજ કેટલાક સ્થળોએ સિંચાઈનું પાણી ના મળતા પણ ખેડૂતો નારાજ છે. આ ઉપરાંત જુનાગઢમાં પણ ખેડૂતો જન અધિકાર મંચની સાથે રહીને ઠેકો સેન્સીટીવ ઝોનનો વિરોધ કરી રહ્યાં છે. આમ, જોવા જઈએ તો આ બધા જ કારણો હાલના તબક્કે કોંગ્રેસના પક્ષમાં જઈ રહ્યાં છે. તેથી જો રાહુલ ગાંધીના આકમક કેમ્પેઈન અને આ મુદ્દાઓને આધારે ગુજરાત વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસની સત્તા મેળવવાની તકો ઉજળી જોવા મળી રહી છે.

સત્તાની શતરંજ

ભાજપના ૨૨ વર્ષના શાસન સામે નાની ફરિયાદો આકોશ બની રહી છે : રાજ્યસભાના વિજયથી કોંગ્રેસ આકમક બની પાટીદાર આંદોલન સમિતિનો ભાજપ વિરોધી અભિગમ કોંગ્રેસને ફાયદો કરાવે છે : અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાતાં વધતો ઉત્સાહ : પ્રધાનમંત્રીના રોડ શોમાં સ્વયંભુ ઉભરાતો માનવ મહેરામણ ભાજપનો ઉત્સાહ ટકાવે છે : સરકારની સંખ્યાબંધ ખેડૂતલક્ષી અને કર્મચારીલક્ષી જાહેરાતો વાતાવરણ સુધારવાના છેલ્લી ઘડીના ઉપયોગી પ્રયાસો

મહેસાણાના પાસના નેતા નરેન્દ્ર પટેલે કર્યો ઘટસ્ફોટ

ભાજપે મારી સાથે એક કરોડમાં સોદો કર્યો

દસ લાખ રૂપીયા તેમને મળી ગયા હતા, સોમવારે તેમને બાકીના ૯૦ લાખ રૂપીયા ભાજપ ચુકવવાનું હતું

ગાંધીનગર, તા. ૨૩

એક દિવસ પહેલા પાસના નેતા અને હાર્દિકના સાથી વરૂણ પટેલ અને રેશ્મા પટેલને ભાજપમાં સામેલ કર્યા પછી રવિવાર સાંજે ભાજપે પાસના મહેસાણાના પાસના નેતા નરેન્દ્ર પટેલ પણ ભાજપમાં જોડાઈ ગયા હોવાની જાહેરાત કરી હતી, પણ ભાજપમાં જોડાઈ ગયાના કલાક બાદ નરેન્દ્ર પટેલે ઘટસ્ફોટ કર્યો હતો કે ભાજપ દ્વારા તેમને એક કરોડની ઓફર કરવામાં આવી હતી, જે પૈકી દસ લાખ રૂપીયા તેમને મળી ગયા હતા, સોમવારે તેમને બાકીના ૯૦ લાખ રૂપીયા ભાજપ ચુકવવાનું હતું.

પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની હાજરીમાં ભાજપમાં જોડાઈ ગયા બાદ નરેન્દ્ર પટેલે ઘટસ્ફોટ કર્યો હતો કે તેમને વરૂણ પટેલ દ્વારા સંપર્ક કરી એક કરોડની રૂપીયાની ઓફર કરવામાં આવી હતી આ પૈકી દસ લાખ રૂપિયા ચુકવી દેવામાં આવ્યા હતા.

નરેન્દ્ર પટેલનો દાવો છે કે ખરેખર શુ ચાલી રહ્યુ છે માટે તેમણે વરૂણ અને ભાજપ સાથે વાત શરૂ કરી હતી. નરેન્દ્ર પટેલે જણાવ્યું કે તેમને મળેલા દસ લાખ રૂપીયા તે પાટીદાર શહિદોને વહેંચી દઈશ.

ચૂંટણી પહેલાં કોંગ્રેસ જીતી ચૂકી છે, અંતિમ સમયે એકજૂથ રહે તો પરિવર્તન શક્ય બને

ભાજપની સરકારે છેલ્લા દોઢ મહિનામાં ૨૫૦૦ જેટલી બદલીઓ કરી છે, ૪૫ દિવસમાં ૫૦ નિર્ણયો કર્યા છે, જે આજે કરે છે તે પાંચ વર્ષમાં કરી શકે છે પરંતુ ચૂંટણીના ખેલ નિરાલા છે

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં ખેલાયેલા જંગમાં ભાજપને મ્હાત મળી છે. સોશ્યલ મિડીયામાં તો કોંગ્રેસની જીત થઈ છે પરંતુ ઈવીએમમાં જીત થાય તે જરૂરી છે. રાહુલ ગાંધીની સભામાં જનતાનો ઉમટી પડે છે પરંતુ તે જનતા ઈવીએમમાં કોંગ્રેસના પંજા પર બટન દબાવે તે જરૂરી છે. હંમેશા આવું થતું નથી તેથી કોંગ્રેસને ગુજરાતમાં સત્તા મળતી નથી.

ગુજરાતમાં ચૂંટણીની તારીખો ૨૫મી ઓકટોબર સુધી જાહેર થવાની શકયતા છે ત્યારે ભાજપે દિવાળીની લ્હાણી કરી હોય તેમ એક પછી એક નિર્ણયો લઈ રહ્યું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી હાઈકમાન્ડના આદેશ પછી પ્રજાલક્ષી નિર્ણયો લઈ રહ્યાં છે પરંતુ હકીકતમાં આ નિર્ણયો પ્રજાલક્ષી નથી. એક ચોકકસ વર્ગને ફાયદો થાય તેવા આ નિર્ણયો છે. ભાજપની સરકારે છેલ્લા દોઢ મહિનામાં ૨૫૦૦ જેટલી બદલીઓ કરી છે. ૪૫ દિવસમાં ૫૦ નિર્ણયો કર્યા છે. જે આજે કરે છે તે પાંચ વર્ષમાં કરી શકે છે પરંતુ ચૂંટણીના ખેલ નિરાલા છે.

ભાજપની સરકાર પાંચ વર્ષના ૩૬૫ દિવસમાં ૩૬૫ નિર્ણયો કેમ કરી શકતી નથી તે સમજાતું નથી. ચૂંટણી આવે ત્યારે જનતા યાદ આવે છે તે પહેલાં કોંગ્રેસ માટે કહેવાતું હતું પરંતુ આ શબ્દો હવે ભાજપ માટે પણ કહેવાય છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ ૧૨ વર્ષ સુધી શાસન કર્યુ છે. મોદીનું શાસન ૨૦૦૧ થી ૨૦૧૪ના મધ્ય સુધી હતું ત્યારે તેમણે પ્રતિ માસ પાંચ થી દસ નિર્ણયો લીધા છે જે બહોળા સમૂદાયને અસરકર્તા બન્યા છે પરંતુ આનંદીબહેન પટેલ અને વિજય રૂપાણીના શાસનમાં તેમ થઈ શકયું નથી તેનું મુખ્ય કારણ ભાજપનું હાઈકમાન્ડ છે.

પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલની પણ બદલી કરવાની થાય તો પહેલાં હાઈકમાન્ડને પૂછવું પડે છે પછી ગુજરાતના મુખ્યમંત્રી ક્યાંથી સ્વતંત્ર નિર્ણયો લઈ શકે. ગુજરાત સરકારની આ કમનસીબી છે. ગુજરાતના વહીવટી તંત્રમાં કોને ક્યાં મૂકવા, કોને ક્યારે પ્રમોશન આપવું અને કોને ક્યાં સાઈડલાઈન કરવા તેનો નિર્ણય ગાંધીનગરથી નહીં દિલ્હીથી લેવામાં આવે છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી સરકારમાં અનેક ખામીઓ જોવા મળી છે. ગાંધીનગરથી થયેલા આદેશોનું પાલન જિલ્લાકક્ષાએ થતું નથી તેવી વ્યાપક ફરિયાદો મળી હોવા છતાં સરકાર કક્ષાએ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ભાજપ પાસે સંગઠનની શક્તિ હોવા છતાં બે-ચાર નેતાઓને બાદ કરતાં સરકારના બચાવમાં કોઈ આવતું નથી. બલ્કે કોંગ્રેસના ધારાસભ્યોને પાર્ટીમાં સામેલ કરતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ભાજપના અદના કાર્યકર્તાઓ તેમના નેતાથી નારાજ થયેલા છે.

બીજી તરફ કોંગ્રેસ પાવરફુલ બનતી જાય છે. ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી મૃતપ્રાય હાલતમાં રહેલી કોંગ્રેસને ભાજપના નેતાઓએ જીવતી કરી દીધી છે. મોદી જ્યાં સુધી ગુજરાતમાં હતા ત્યાં સુધી કોંગ્રેસના નેતાઓ ચૂપ હતા. મોદી જેવા દિલ્હી ગયા કે કોંગ્રેસના નેતાઓના જીવમાં જીવ આવ્યો છે. તાજેતરમાં થયેલા એક સર્વેક્ષણ પ્રમાણે ગુજરાતમાં કોંગ્રેસની સક્રિયતા આવી જ રહી તો કોંગ્રેસને સત્તામાં આવતી કોઈ રોકી નહીં શકે, જો કે કોઈ એવો મુદ્દો કોંગ્રેસના નેતાઓ તેમના વકતવ્યમાં આપે અને મોદી જો તેને પકડી લેશે તો આખું ઈલેકશન એ મુદ્દા ઉપર લડાશે.

૨૦૦૨ના કોમી તોફાનો પછી ૨૦૦૭માં આવેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની બેઠકો વધી શકે તેવી હતી પરંતુ તે સમયે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને કોઈએ એવા શબ્દો આપ્યા કે મોદી મોત કા સૌદાગર હૈ... બસ, ખલાસ- મોદીને મુદ્દો મળી ગયો અને ભાજપને સૌથી વધુ ૧૨૭ બેઠકો જનતાએ આપી દીધી હતી. ૨૦૧૨માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી. કોંગ્રેસે ગુજરાતને કરેલા અન્યાય પર મોદીએ પ્રહારો કરતાં અને કોંગ્રેસના તમામ નેતાઓએ એકમાત્ર મોદીને ટારગેટ બનાવતાં તેનો મોદીને ફાયદો થયો હતો.

એ થી ઉલટું ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે સોનિયા કે રાહુલને કોઈ ખ્યુનની નોકરી પણ આપે નહીં. મોદીએ મનમોહનસિંહને નિશાન બનાવ્યા હતા, પરિણામે કોંગ્રેસ પ્રત્યે લોકોને સહાનુભૂતિ ઉભી થઈ હતી અને કોંગ્રેસને ફરી એકવાર તક આપી હતી. આ પછી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના મણીશંકર ઐયર એવું બોલ્યા કે- મોદી ચાય વેચતા હતા. બસ, પની ગયું, મોદીએ ચાયને મુદ્દો બનાવી દીધો અને કોંગ્રેસની સરકારના કૌભાંડો ખુલ્લા કરી દીધા. આ બન્ને મુદ્દાના કારણે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં મોદીએ બહુમતિ મેળવી લીધી. કોંગ્રેસ પ્રેરિત યુપીએની સરકારના ભ્રષ્ટાચારે કોંગ્રેસની સત્તા છીનવી લીધી હતી. ૨૦૧૭માં પણ મોદીને એવા કોઈ મુદ્દાની તલાશ સોનિયા ગાંધીની સભા હોય કે અમિત શાહની-પબ્લિક તો ભેગી થાય છે પરંતુ તેને વોટમાં કન્વર્ટ કરવી ઘણી અઘરી છે. ટીકીટ વિતરણના ડખ્ખા અંતિમ સમયે કોંગ્રેસના હાથમાં આવેલો કોળિયો છીનવી લેતા હોય છે. જો કોંગ્રેસને સત્તામાં આવવું હોય તો નરેન્દ્ર મોદીને ચૂંટણી પ્રચારમાં ભૂલવા પડશે, કેમ કે મોદી સામે કોંગ્રેસ આક્ષેપો કરે છે તેનો ફાયદો કોંગ્રેસને નહીં પણ ભાજપના ઉમેદવારોને થાય છે.

ગુજરાતમાં ૨૦૦૧ પછી પહેલું એવું ઈલેકશન છે કે ભાજપના પાંચ મહારથીઓ - નરેન્દ્ર મોદી, અમિત શાહ, આનંદીબહેન પટેલ, કેશુભાઈ પટેલ અને વજુભાઈ વાળા ચૂંટણી લડવાના નથી. ગુજરાતમાં છેલ્લી ત્રણ ચૂંટણીમાં એક બાબત સ્પષ્ટ છે કે નરેન્દ્ર મોદીનો કરિશ્મા હોવા છતાં જો કોંગ્રેસને ૫૫ થી ૬૦ બેઠકો મળી શકતી હોય તો આ પાંચ મહારથીઓની ગેરહાજરીમાં કોંગ્રેસની બેઠકો ૬૦ થી વધવી જોઈએ. કોંગ્રેસ માટે આ ગોલ્ડન ઓપર્ચ્યુનિટી છે.

મોત કા સૌદાગર અને ચાય વેચવાવાળો જેવા શબ્દોનો મોદીને ઈન્તજાર છે...

ટીકીટ વિતરણના ડખ્ખા અને પાર્ટી વિરૂદ્ધ કામગીરી કરવાની પરંપરા રહી છે...

ચલો વહાં દિપ જલાયે...મોદીના દિલ્હી ગયા પછી ગુજરાત ભાજપમાં અંધારૂં છે...

અતુલ પટેલે પણ કર્યો ખુલાસો

ભાજપ દ્વારા મને પણ પૈસાની ઓફર કરવામાં આવી છે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આ વખતે રાજકારણ ગરમાયું છે. ભાજપ સામે એક પછી એક મુશ્કેલીઓ આવી રહી છે. પાટીદાર આંદોલનના નેતા અતુલ પટેલે સૌથી મોટો ખુલાસો કરતા જણાવ્યું હતું કે ભાજપ દ્વારા મને પણ પૈસાની ઓફર કરવામાં આવી છે. અતુલ પટેલે ઓડિયો કલીપ સાથે રજૂઆત કરી છે. નોંધનીય છે કે નરેન્દ્ર પટેલે ભાજપ સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મને ભાજપ દ્વારા ૧ કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી છે. અને મને ટોકન સ્વરૂપે ૧૦ લાખ કેશ આપવામાં આવી છે. બાકીની રકમ પછી આપવાનું જણાવ્યું હતું.

ગુજરાત ચૂંટણીમાં આ વખતે વધી રહી છે. ત્યાં એક પછી એક ધડાકા થઈ રહ્યા છે. પાટીદાર આંદોલનના નેતા અતુલ પટેલે આજે સૌથી મોટો ખુલાસો કર્યો હતો કે ભાજપ દ્વારા મને પણ પૈસાની ઓફર કરવામાં આવી છે. અને અતુલ પટેલે ઓડિયો કલીપ સાથે રજૂઆત કરીને આક્ષેપ કર્યો છે.

ઉલેખનીય છે કે એક દિવસ પહેલા પાસના નેતા અને હાર્દિકના સાથી વરૂણ પટેલ અને રેશ્મા પટેલને ભાજપમાં સામેલ કર્યા પછી રવિવારે સાંજે ભાજપે પાસના મહેસાણાના પાસના નેતા નરેન્દ્ર પટેલ પણ ભાજપમાં જોડાઈ ગયા હોવાની જાહેરાંત કરી હતી, પણ નરેન્દ્ર મોદી ભાજપમાં જોડાઈ ગયાની કલાક બાદ નરેન્દ્ર પટેલે ઘટસ્ફોટ કર્યો હતો કે ભાજપ દ્વારા તેમને એક કરોડની ઓફર કરવામાં આવી હતી, જે પૈકી દસ લાખ રૂપીયા તેમને મળી ગયા હતા, સોમવારે તેમને બાકીના ૯૦ લાખ રૂપીયા ભાજપ ચુકવવાનું હતું.

ભાજપમાં જોડાયેલ નીખીલ સવાણીની જાહેરાતથી ભાજપમાં વંટોળ

ગાંધીનગર, તા. ૨૩

થોડા સમય પહેલા ભાજપમાં જોડાયેલ નીખીલ સવાણીએ ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં વંટોળ ઉભું કરી દીધું છે.

ગઈકાલે પાસના નેતા નરેન્દ્ર પટેલે કરેલા ચોંકાવનારા ખુલાસા બાદ નીખીલ સવાણીએ જાહેરાત કરી છે કે તેઓ ભાજપ માંથી રાજીનામું આપી રહ્યા છે. ભાજપ તરફથી નરેન્દ્ર પટેલને ૧ કરોડની ઓફર કરાઈ હોવાના ખુલાસા બાદ તેઓ હતાશ છે. અને આજે તેઓ ભાજપ માંથી રાજીનામું આપશે.

તેમણે વધુમાં નરેન્દ્ર પટેલના વખાણ કરતા કહ્યું હતું કે તેઓ સામાન્ય પરિવાર માંથી આવે છે છતાં તેમણે એક કરોડને લાત મારી દીધી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાજપ માંથી રાજીનામું આપ્યા બાદ તેઓ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરવા માટે ઔપચારિકતાઓ શરૂ કરશે.

જોકે, તેમણે ચોખવટ કરી હતી કે તેમને ભાજપમાં જોડવા માટે કોઈ ઓફર કરવામાં આવી ન હતી. તેઓ સ્વેચ્છાએ જોડાયા હતા. પરંતુ ભાજપ લોલીપોપના નામે માત્ર જુઠ્ઠાણું ચલાવે છે અને વાયદા પુરા કરતી નથી. તેથી હવે તે ભાજપ છોડી રહ્યા છે.